વિદેશી મૂડી વ્યવસ્થાપન ધારો, 1999- વિદેશી પ્રવાસ

એ.પી. (ડીઆઈઆર સિરિઝ) સર્ક્યુલર નં.19
(30 ઓક્ટોબર, 2000)

***રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા***
***વિદેશી મુદ્રા નિયંત્રણ વિભાગ***
***કેન્દ્રીય કાર્યાલય***
***મુંબઈ-400001***

એપી. (ડીઆઈઆર સિરિઝ) સર્ક્યુલર નં.19

30 ઓક્ટોબર, 2000

પ્રતિ,
વિદેશી મૂડીને લગતા તમામ સત્તાવાર ડીલર

માનનીય સાહેબ,

***વિદેશી મૂડી વ્યવસ્થાપન ધારો, 1999 વિદેશ પ્રવાસ.***

ભારત સરકારના જાહેરનામા ક્રમાંક જીએસઆર 381 (ઇ) તા.3જી મે 2000 પ્રત્યે તમામ અધિકૃત ડિલર્સનું ધ્યાન દોરવામાં આવે છે. જે વિદેશી મૂડી વ્યવસ્થાપન (કરંટ એકાઉન્ટ ટ્રાન્સેક્શન) નિયમો, 2000ના અનુસંધાનમાં છે. જે મુજબ અમુક પ્રકારના કરંટ એકાઉન્ટની લેવડદેવડ પ્રતિબંધિત છે અને અમુક બીજી લેવડદેવડ પર નિયંત્રણો મૂકવામાં આવ્યા છે. નિયમ 5 મુજબ જાહેરનામાના શિડ્યુલ-3 મુજબની લેવડદેવડ માટે પહેલેથી રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાની પરવાનગી લેવી જરૂરી છે. તે મુજબ અધિકૃત ડિલરો જ્યાં સુધી વિદેશ પ્રવાસ માટે વિદેશી મૂડી રિલીઝ કરવાની બાબત હોય ત્યાં સુધી આ પરિપત્ર સાથે જોડાયેલ પૂરવણીમાં અપાયેલી સૂચનાઓનું પાલન કરશે.

2. એવી સ્પષ્ટતા કરવામાં આવી છે કે પૂરવણીમાં અપાયેલા દિશા-નિર્દેશો 3જી મે 2000ના ભારત સરકારના નાણા ં મંત્રાલય દ્વારા બહાર પડેલા ઉપર મુજબના જાહેરનામાના નિયમો સાથે વાંચવામાં આવે.

3. 3જી મે, 2000ના ભારત સરકારના જાહેરનામા ક્રમાંક જીએસઆર 381 (ઈ) મુજબ નિયમ (2)ના ક્લોઝ (બ) હેઠળ `ડ્રોઅલ'માં ઈન્ટરનેશનલ ક્રેડિટ કાર્ડ, આંતરરાષ્ટ્રીય ડેબિટ કાર્ડ, એટીએમ કાડ્ર્સ વગેરેનો સમાવેશ થશે. તેથી અહીં સ્પષ્ટતા કરવામાં આવે છે કે આ સાધનોનો ઉપયોગ પણ જાહેરનામા હેઠળ નિયંત્રણોમાં આવી જાય છે. આ ઉપરાંત વિદેશી મૂડી વ્યવસ્થાપન ધારો, 1999ના સેક્શન 2ના ક્લોઝ (એચ) હેઠળ `કરન્સી'ના અર્થમાં આંતરરાષ્ટ્રીય ક્રેડિટ કાડ્ર્સ સામેલ છે. રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાએ 3જી મે 2000ના પોતાના જાહેરનામા ક્રમાંક એફઇએમએ 15/આરબી-2000માં એટીએમ કાડ્ર્સ અને ડેબિટ કાડ્ર્સને પણ કરન્સીમાં સામેલ કરેલ છે. તે મુજબ ક્રેડિટ કાડ્ર્સ, એટીએમ કાડ્ર્સ અને ડેબિટ કાડ્ર્સથી કરવામાં આવતી ચૂકવણી પણ ચૂકવણીના અલગ પ્રકારો જ હોવાથી તમામ નિયમો અને નિયમનો તથા એક્ટ હેઠળ આવતી સૂચનાઓ ક્રેડિટ કાડ્ર્સ, એટીએમ કાડ્ર્સ, ડેબિટ કાડ્ર્સ વગેરેને પણ લાગુ પડશે.

4. એવી સ્પષ્ટતા કરવામાં આવે છે કે જ્યારે કોઈ વ્યક્તિ અંગત મુલાકાત સિવાયના હેતુથી વિદેશ જાય છે ત્યારે આવા પ્રવાસ અને પ્રવાસીના પાસપોર્ટ માટે વેચાતી વિદેશી મૂડી માટે સત્તાવાર ડિલર માટે તેને એન્ડોર્સ કરવું ફરજિયાત નથી. જોકે ખાનગી મુલાકાત માટે વિદેશી મૂડી વેચવામાં આવે જેમ કે મુસાફરને

બેઝિક ટ્રાવેલ ક્વોટા (બીટીક્યુ) મળતો હોય તો પ્રવાસીના પાસપોર્ટ પર સત્તાવાર ડિલરના સ્ટેમ્પ, તારીખ અને સહી સાથે ફરજિયાત તેને એન્ડોર્સ કરવું જરૂરી છે.

5. એડવાન્સ ચૂકવણી

એડવાન્સ ચૂકવણીની રકમ 25 હજાર અમેરિકન ડોલર અથવા તેને સમકક્ષ રકમથી વધારે ન હોય તો સત્તાવાર ડિલર કોઈપણ કરન્ટ એકાઉન્ટ લેવડદેવડ માટે જેમાં વિદેશી મૂડી રિલીઝ કરવાનું શક્ય હોય તેમાં એડવાન્સ ચૂકવણીની છૂટ આપી શકે છે. જ્યારે રકમ 25,000 અમેરિકન ડોલર કે તેનાથી વધુ હોય ત્યારે ભારત બહાર સ્થિત આ ંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા ધરાવતી બેંકની ગેરંટી અથવા ભારતમાં સત્તાવાર ડિલર પાસેથી ગેરંટી જોઈશે. જો ભારત બહાર સ્થિત આ ંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા ધરાવતી બેંકની કાઉન્ટર ગેરંટી સામે ગેરંટી મળે તો તે ગેરંટી વિદેશસ્થિત બેનિફિશિયરી પાસેથી મેળવવાની રહેશે. અધિકૃત ડિલરે એ બાબતની કાળજી પણ રાખવાની રહેશે કે એડવાન્સ ચૂકવણીનો લાભ મેળવનારે પોતાની જવાબદારીઓ ભારતમાં રહેલ ચૂકવણી કરનાર સાથેના કરાર કે સંધિ મુજબ બજાવી છે.

6. આ પરિપત્રની પૂરવણીમાં અપાયેલા દિશાનિર્દેશો વિદેશી મુદ્રા નિયંત્રણ પુસ્તિકા (1993 આવૃત્તિ)ના પ્રકરણ 8ના ભાગ `એ'માં દર્શાવેલી અને તેની પૂરવણી 1, 2 અને 4માં દર્શાવેલી સૂચનાઓની ઉપરવટ જાય છે.

7. અધિકૃત ડિલરો આ પરિપત્રની વિગતો સંબંધિત ગ્રાહકના ધ્યાનમાં લાવી શકે છે.

8. આ પરિપત્રમાં અપાયેલી સૂચનાઓ વિદેશી મૂડી વ્યવસ્થાપન ધારો 1999 (1999નું 42)ના સેક્સન 10 (4) અને સેક્સન 11 (1) હેઠળ અપાઈ હોઈ શકે છે. આ સૂચનાઓથી વિરુદ્ધ જવાથી કે તેનું પાલન ન કરવાથી એક્ટ હેઠળ દંડ થઈ શકે છે.

આપનો વિસ્વાસુ

કે.જે. ઉદેશી
મુખ્ય મહા પ્રબંધક

## વિદેશ પ્રવાસ પૂરવણી

એ-1 સામાન્ય

ભારતમાં રહેતી વ્યક્તિને વિદેશ પ્રવાસે જવા માટે વિદેશી મૂડી રિલીઝ કરવા માટે અધિકૃત ડિલરે ભારત સરકારના વિદેશી મૂડી વ્યવસ્થાપન ધારો, 1999ના સેક્સન-5 હેઠળ ઘડાયેલા નિયમોનું પાલન કરવાનું રહેશે. 3જી મે 2000ના સરકારના જાહેરનામા ક્રમાંક જીસીઆર 381 (ઈ)ના નિયમ 3ના આઈટમ (બી) હેઠળ નેપાળ અને ભુતાનના પ્રવાસ માટે કોઈ વિદેશી મૂડી રીલિઝ કરવામાં નહીં આવે. જાહેરનામાના શિડ્યૂલ 3માં દર્શાવેલી મર્યાદા કરતાં વધુ વિદેશી મૂડી રીલિઝ કરવા માટે રિઝર્વ બેંકની આગોતરી પરવાનગી લેવી જરૂરી છે. સરકારના જાહેરનામાના શિડ્યૂલ 3માં દર્શાવેલી મર્યાદા કરતા વધુ વિદેશી મૂડી રિલીઝ કરવા માટેની તમામ અરજીઓ એક્સચેન્જ કંટ્રોલ ડિપાર્ટમેન્ટની પ્રાદેશિક ઓફિસના નામે હોવી જોઈએ. જેના અધિકારક્ષેત્રમાં અરજકર્તા કામ કરતો હોય/ રહેતો હોય.

એ-2 મૂડીનું વેચાણ

(અ) જેમાં રિઝર્વ બેંક/ ભારત સરકાર દ્વારા પરવાનગી/ મંજૂરી આપવામાં આવી હોય તેમાં વિદેશી મૂડી પરવાનગી/ મંજૂરીમાં અપાયેલી સમયમર્યાદામાં વેચી શકાશે અને આ વેચાણ પરવાનગી/ અસલ મંજૂરીની પાછળ એન્ડોર્સ કરાશે.

(બ) અધિકૃત ડિલરે પ્રવાસીના પાસપોર્ટ પર વિદેશ પ્રવાસ માટે વેચાયેલ મૂડી ત્યારે એન્ડોર્સ કરવાની નહીં રહે. જ્યારે પ્રવાસી અંગત પ્રવાસ સિવાયના હેતુથી વિદેશ જતો હોય. જ્યારે પણ વિદેશી મૂડી ખાનગી પ્રવાસ માટે વેચવામાં આવે ત્યારે તેને પ્રવાસીના પાસપોર્ટ પર ભૂલ્યા વગર એન્ડોર્સ કરવાનું રહેશે. જેમાં અધિકૃત ડિલરનો સ્ટેમ્પ, તારીખ અને સહી હોવી જોઈએ.

નોંધ :

અ. પ્રવાસી માગણી કરે તો અધિકૃત ડિલર અંગત મુલાકાત સિવાયના વિદેશ પ્રવાસ માટે વેચાયેલ વિદેશી મૂડીની વિગતો પોતાના સ્ટેમ્પ અને સહી સાથે રેકર્ડ પર રાખી શકે છે.

બ. બાળક જ્યારે વાલીના પાસપોર્ટ પર પ્રવાસ કરતો હોય ત્યારે એન્ડોર્સમેન્ટ સંયુક્ત પાસપોર્ટ પર કરવાનું રહેશે.

ક. ટ્રાવેલર્સ ચેક ઈસ્યૂ કરવાના કિસ્સામાં પ્રવાસીએ અધિકૃત અધિકારીની હાજરીમાં ચેક પર સહી કરવાની રહેશે. અને ટ્રાવેલર્સ ચેકની રસીદ માટે ખરીદ કરનારની સ્વીકૃતિ વ્યવસ્થિત રીતે જાળવવાની રહેશે.

6. પ્રવાસીને વેચાતી કુલ વિદેશી મૂડીમાં ચલણી નોટ અને સિક્કાના સ્વરૂપમાં મૂડી નીચે આપેલી મર્યાદા મુજબ વેચી શકાશે.

1. ઈરાક, લિબિયા, ઇસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાન, રશિયન ફેડરેશન અને કોમનવેલ્થ ઓફ ઇન્ડિપેન્ડન્ટ સ્ટેટ્સના અન્ય ગળાતંત્રો સિવાયના દેશના પ્રવાસીઓ

500 અમેરિકન ડોલર કે તેના સમકક્ષથી વધુ નહીં.

2. ઈરાક અને લિબિયા જતા પ્રવાસીઓ

5000 અમેરિકન ડોલર કે તેના સમકક્ષથી વધુ નહીં.

3. ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઇરાન, રશિયન ફેડરેશન અને કોમનવેલ્થ ઓફ ઇન્ડિપેન્ડન્ટ સ્ટેટ્સના અન્ય ગણતંત્ર જતા પ્રવાસીઓ

સંપૂર્ણ મૂડી રિલીઝ કરવી.

ઈ. વિદેશ પ્રવાસ માટે વિદેશી મૂડીના વેચાણને લગતા ફોર્મ A2 સત્તાવાર વ્યક્તિએ એક વર્ષ માટે જાળવી રાખવાના રહેશે અને તેની સાથે દસ્તાવેજ પણ રાખવાના રહેશે જેથી આંતરિક ઓડિટર્સ દ્વારા તેની ચકાસણી થઈ શકે.

A-3. 3જી મે 2000ના જાહેરનામા ક્રમાંક જીએસઆર 381 (E) ના નિયમ 5 હેઠળ વિદેશ પ્રવાસ દરમિયાન બિમાર પડેલી વ્યક્તિ માટે ભારત બહાર સારવાર માટે પણ વિદેશી મૂટી રિલીઝ કરી શકાશે.

A-4 સાંસ્કૃતિક પ્રવાસ

સાંસ્કૃતિક હેતુઓ માટે વિદેશ પ્રવાસે જતા નર્તકો, કલાકારો વગેરેએ માનવ સંસાધન વિકાસ મંત્રાલય (શિક્ષણ અને સાંસ્કૃતિક બાબતોનો વિભાગ)ને તેમની વિદેશી મૂડીની જરૂરિયાત અંગે અરજી કરવાની રહેશે. મંત્રાલય પરવાનગી આપે તો તેની શરતોને આધિન રહીને અધિકૃત ડિલર વિદેશી મૂડી રીલિઝ કરી શકે છે.

A-5 ખાનગી પ્રવાસ

ખાનગી પ્રવાસ માટે વિદેશી મૂડી એવી વ્યક્તિને રિલીઝ કરી શકાશે જે કોઈ પણ હેતુ માટે ભારત બહાર પ્રવાસ કરવા માટે વિદેશી મૂડી મેળવતી હોય.

A-6 ચોક્કસ કિસ્સામાં વિદેશી મૂડીના ઉપયોગની ખરાઈ

જ્યારે કોઈ અધિકૃત ડિલર અંદાજના આધારે વિદેશમાં તબીબી સારવાર અથવા તબીબી ચેકઅપ માટે વિદેશી મૂડી રિલીઝ કરે છે ત્યારે તેણે ફોલોઅપ કરીને જાણવાનું રહેશે કે અરજકર્તાએ વાસ્તવિક ખર્ચની તમામ વિગતો તેના ભારત પુનરાગમનના એક પખવાડિયાની અંદર અધિકૃત ડિલરની શાખાને સોંપી દે જેણે વિદેશી મૂડી રિલીઝ કરી હોય. યોગ્ય સમયમર્યાદામાં વિગતો આપવામાં ન આવે તો તેની જાણ જેના અધિકાર ક્ષેત્ર હેઠળ અરજકર્તા રહેતો હોય તે રિઝર્વ બેંકની પ્રાંતિય ઓફિસે કરવાની રહેશે.

A-7 વિદેશી મૂડી સોંપવાની સમયમર્યાદા

જો કોઈ કિસ્સામાં જે હેતુ માટે વિદેશી મૂડી મેળવવામાં આવી હોય તે હેતુસર મૂડી ખર્ચાય નહીં. અથવા ફેમા, 1999ના નિયમો અને નિયંત્રણો હેઠળ અપાયેલી વિદેશી મૂડી ખર્ચી ન શકાય તો ખરીદીની તારીખથી 60 (સાઠ) દિવસની અંદર આ મૂડી સત્તાવાર વ્યક્તિને સરન્ડર કરવાની રહેશે. (3જી મે 2000ના જાહેરનામા ક્રમાંક FEMA 9/2000 RB હેઠળ)

નોંધ : જો કોઈ કિસ્સામાં વ્યક્તિ 60 દિવસની મર્યાદા બાદ સત્તાવાર વ્યક્તિ પાસે વિદેશી મૂડી પરત જમા કરાવવા જાય તો 60 દિવસની મુદત પૂરી થઈ ગઈ છે તેવા આધાર પર સત્તાવાર વ્યક્તિ વિદેશી મૂડી પાછી ખરીદવાનો ઈન્કાર ન કરી શકે.

A-8 બિનખર્ચાયેલી વિદેશી મૂડી

વિદેશી પ્રવાસ દરમિયાન બિનખર્ચાયેલી વિદેશી મૂડી જો ચલણી નોટના સ્વરૂપમાં હોય તો પ્રવાસીએ ભારત પરત આવ્યાની તારીખથી 90 દિવસની અંદર સત્તાવાર વ્યક્તિને રૂપિયામાં ચૂકવણીની સામે પરત આપવી જોઈએ. જો આવી વિદેશી મૂડી ટ્રાવેલર્સ ચેકના સ્વરૂપમાં હોય તો તે વિદેશથી પરત આવ્યાની તારીખથી 180 દિવસની અંદર સત્તાવાર વ્યક્તિને પરત આપવાની રહેશે. આવી રીતે પાછી લાવવામાં આવેલી મૂડી પ્રવાસી ઉપર જણાવ્યા પ્રમાણેની મુદતમાં તે પછીના વિદેશ પ્રવાસ દરમિયાન ઉપયોગમાં લઈ શકે છે. જોકે પરત આવનાર પ્રવાસીને પોતાની પાસે ટ્રાવેલર્સ ચેક્સ અને નોટના સ્વરૂપમાં 2000 અમેરિકન ડોલર સુધીની મર્યાદામાં અને સિક્કા ગમે તેટલી મર્યાદામાં રાખી શકે છે. (3જી મે 2000ના જાહેરનામા ક્રમાંક એફઈએમએ 11/2000 - આરબી હેઠળ) આ રીતે જાળવવામાં આવેલી વિદેશી મૂડી પ્રવાસી તેની ત્યારપછીની વિદેશયાત્રા વખતે ઉપયોગમાં લઈ શકે છે.

નોંધ : જ્યારે કોઈ વ્યક્તિ કોઈ સત્તાવાર વ્યક્તિ પાસે નિર્ધારિત મુદત વીતી ગયા પછી વિદેશી મૂડી સરેન્ડર કરાવવા જાય ત્યારે મુદત વીતી ગઈ હોવાનું કારણ આપીને તે વ્યક્તિ વિદેશી મૂડી પાછી ખરીદવાનો ઈન્કાર ન કરી શકે.

A-9 ટૂરની વ્યવસ્થા વગેરે માટે ચૂકવણી

I અધિકૃત ડિલરો પ્રવાસીની વિનંતીના આધારે હોટલમાં રોકાણ, ટૂરની વ્યવસ્થા વગેરે માટે તે જે દેશમાં પ્રવાસે જવાના હોય તેના માટે અમુક મર્યાદામાં વિદેશી મૂડી ચૂકવી શકે છે. જેમાં એવી શરત રહેશે કે તેણે અમલમાં રહેલા નિયમો અને નિયમ મુજબ અધિકૃત વ્યક્તિ પાસેથી ખરીદેલ વિદેશી મૂડી ખતમ થઈ ગઈ હોય (વિદેશમાં ખાનગી પ્રવાસ માટે ઉપાડેલી મૂડી સહિત)

(II) અધિકૃત ડિલરો ભારતના પ્રવાસીઓના હોટલમાં રોકાણ અને ટુરની વ્યવસ્થા કરનારાઓ હોટલ/ એજન્ટો સાથે જોડાણ ધરાવનાર એજન્ટની વિનંતના આધારે ચૂકવણી કરી શકશે. જેમાં એવી શરત રહેશે કે અમલમાં રહેલા નિયમો, નિયમો અને માર્ગદર્શનને અનુરૂપ તેણે સંબંધિત અધિકૃત વ્યક્તિ પાસેથી ખરીદેલ વિદેશી મૂડીની ચૂકવણી સંતોષજનક રીતે થઈ હોય તેની ખાતરી સત્તાવાર ડિલરને હોય (ખાનગી વિદેશી પ્રવાસ માટે ઉપાડાયેલ વિદેશી મૂડી સહિત)

(III) અધિકૃત ડિલર ભારતમાં એજન્ટના નામે વિદેશી મૂડીના એકાઉન્ટ ખોલી શકશે. જેણે વિદેશમાં ભારત પ્રવાસીઓ માટે હોટલની વ્યવસ્થા અથવા ટૂરની વ્યવસ્થા માટે હોટલો/ એજન્ટ્સ સાથે જોડાણ કર્યું હોઈ શકે છે.

(અ) એકાઉન્ટમાં ક્રેડિટ આ મુજબની ડિપોઝિટથી થઈ શકે.

(i) પ્રવાસીઓ પાસેથી મેળવેલ મૂડીરોકાણનું કલેક્શન અને

(ii) બુકિંગ કેન્સલેશન/ ટૂરની વ્યવસ્થા વગેરે કેન્સલ કરવાના કારણે ભારત બહારથી મળેલ રિફંડ

(બ) વિદેશી મૂડીમાં ડેબિટ હોટલ રહેઠાણ, ટૂરની વ્યવસ્થા વગેરે માટે ભારત બહાર છે અને તે ઉપર આવેલ (II) મુજબ છે.

એ-10 રૂપિયામાં ચૂકવણી

અધિકૃત ડિલર વિદેશ પ્રવાસ (ખાનગી મુલાકાત અથવા બીજા કોઈપણ હેતુથી) માટે વિદેશી મૂડીના વેચાણ સામે રૂ.50,000 સુધીની રોકડ ચૂકવમી (માત્ર રૂ.પચાસ હજાર) સ્વીકારી શકશે. વિદેશી મૂડીનું વેચાણ જ્યારે રૂ.50,000ની સમકક્ષ રકમથી ઉપર જાય ત્યારે ચૂકવણી માત્ર (i) અરજકર્તાના બેંક એકાઉન્ટના નામે ક્રોસ્ડ ચેક અથવા (ii) અરજકર્તાને સ્પોન્સર કરતી પેઢી/ કંપનીના બેંક એકાઉન્ટના નામે ક્રોસ્ડ ચેક અથવા (iii) બેંકર્સ ચેક/ પે ઓર્ડર/ ડિમાન્ડ ક્રોસ્ડના સ્વરૂપમાં સ્વીકારવામાં આવશે.

નોંધ : જ્યારે વિદેશી મૂડી રૂપિયાની સરખામણીમાં રૂ.50,000થી સિંગલ ડ્રોઅલ અથવા સિંગલ જર્ની/ વિઝિટ માટે એક ડ્રોઅલથી વધારે હોય ત્યારે તે ઉપર જણાવ્યા પ્રમાણે ચેકથી અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી ચૂકવવામાં આવશે.